ક્રમાંક:રાપબો/Sp.TET/૨૦૨૩/5348 - 5430

રાજય પરીક્ષા બોર્ડ,ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેકરટર-૨૧, ગાંધીનગર
તા: 27/૦૪/૨૦૨૩

## પરિપત્ર

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૦૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/Sp.TET-I/૨૦૨૩/૧૭૯૩-૧૮૭૯ અને તા.૧૭/૦૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૩/૧૮૮૦-૧૯૬૬ થી અનુક્રમે (સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-I (Sp.TET-I)-૨૦૨૩ અને (સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩ નું આયોજન કરવા માટે જાહેરનામા બહાર પાડવામાં આવેલ છે. આ જાહેરનામાં અન્વયે જે ઉમેદવારોએ ઓનલાઈન આવેદનપત્રો તેમજ ફી ભરેલ હતી તેમની પરીક્ષાનું આયોજન નીચે મુજબની તારીખ અને સમય કરવામાં આવશે.

| ક્રમ | વિગત | પરીક્ષાની તારીખ | પરીક્ષા સમય |
|---|---|---|---|
| ૧ | **Sp.TET-I પરીક્ષા** | ૨૫/૦૫/૨૦૨૩ | બપોરે ૧૨:૦૦ થી ૦૧:૩૦ |
| ૨ | **Sp.TET-II પરીક્ષા** | ૨૫/૦૫/૨૦૨૩ | બપોરે ૦૪:૦૦ થી ૦૬:૦૦ |

શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org**વેબસાઈટ જોતા રહેવાનું રહશે.

નોંધ: જે ઉમેદવારોએ ઓનલાઈન આવેદનપત્ર કન્ફર્મ થયેલ હોય પરંતુ ફી ભર્યાની ઈ-રસીદ જનરેટ થયેલ ન હોય તેવા ઉમેદવારોની હોલટીકીટ જનરેટ થશે નહી. માટે જે ઉમેદવારોની કોઈ ટેકનીકલ કારણોસર ઈ-રસીદ જનરેટ થયેલ નથી તેમના નામની યાદી અને ઈ-રસીદનો નમૂનો વેબસાઈટમાં મુકેલ છે તે યાદીમાં જો આપનું નામ હોય તો તેવા ઉમેદવારો તા.૨૮/૦૪/૨૦૨૩ થી તા.૦૪/૦૫/૨૦૨૩ દરમિયાન કચેરી કામકાજના દિવસોમાં રૂ.૨૦૦/- લેટ ફી સહિત નિયત ફી રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે રૂબરૂ ભરી શકશે.

સચિવ
રાજ્યપરીક્ષાબોર્ડ
ગાંધીનગર

➤ **નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- હિસાબી અધિકારીશ્રી, સદર કચેરી.
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન, ગાંધીનગર.

➤ **નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.